૫૬

તા. ૫/૭/૨૦૧૯/ શુક્રવાર/ નોબત

**ધીરૂભાઈ અંબાણી વાણિજ્ય ભવનમાં**

# કેન્દ્ર સરકારના બજેટ સંદર્ભમાં પોસ્ટ બજેટ માર્ગદર્શક સેમિનાર

જામનગર તા. ૫: જામનગર ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી, જામનગર બ્રાન્ચ ઓફ ડબલ્યુઆઈઆરસી ઓફ આઈસીએઆઈ, ધી કોમર્શિયલ ટેક્સ પ્રેક્ટીશનર્સ એસોસિએશન તથા ઈન્કમટેક્સ પ્રેક્ટીશનર્સ એસોસિએશન, જામનગરના સંયુક્ત ઉપક્રમે જામનગર ચેમ્બરમાં કેન્દ્રિય બજેટ ૨૦૧૯-૨૦૨૦ અંગે માર્ગદર્શક પોસ્ટ બજેટ સેમિનારનું આયોજન તા.૦૮-૦૭-૨૦૧૯, સોમવારના સાંજના ૪.૦૦ કલાકથી ૬.૩૦ સુધી 'ધીરૂભાઈ અંબાણી વાણિજ્ય ભવન', જામનગર-રાજકોટ હાઈ-વે, સુભાષબ્રીજ નજીક, જામનગરમાં કરવામાં આવ્યું છે. આ સેમિનાર વિનામૂલ્યે યોજવામાં આવ્યો છે.

વર્ષ ૨૦૧૯-૨૦ માટે કેન્દ્રિય નાણામંત્રી દ્વારા આગામી તા. ૫.૭.૨૦૧૯ ના બજેટ રજૂ કરવામાં આવશે. જે બજેટની સંપૂર્ણ માહિતી અને માર્ગદર્શન આપવા માટે આ સેમિનારમાં ગુજરાતી વક્તા તરીકે અમદાવાદના જાણીતા વક્તા અને કરવેરાના નિષ્ણાત જીગરભાઈ પટેલ ખાસ ઉપસ્થિત રહી બજેટ ૨૦૧૯-૨૦ અંગે વિશ્લેષણ કરી માર્ગદર્શન આપશે. જીગરભાઈ પટેલે ન્યુ યોર્ક સ્કૂલ ઓફ લો.માંથી પોતાની કાયદાની ડીગ્રી મેળવેલ છે અને અમેરિકામાં ન્યુ યોર્ક યુનિવર્સિટીમાં ઈન્ટરનેશનલ સ્ટુડન્ટ લીડરશીપ એવોર્ડ મેળવનાર પ્રથમ ભારતીય છે. તેઓ વિશ્વવિખ્યાત કંપનીઓના સલાહકાર તરીકે કાર્યરત છે. ઈન્કમટેક્સ અને કોર્પોરેટ ટેક્ષ વિષય પર અનેક ગુજરાતી અને અંગ્રેજી પુસ્તકોના સહલેખક રહેલા જીગરભાઈ પટેલ પ્રથમ વખત જામનગરમાં પોતાનું વક્તવ્ય આપવા માટે ચેમ્બરના આમંત્રણને માન આપી પધારવાના છે. આ સેમિનાર ખૂબ જ ઉપયોગી હોય, ચેમ્બરના તમામ સભ્યો તથા રસ ધરાવતા સહું કોઈને આ સેમિનારમાં ભાગ લેવા અનુરોધ કરવામાં આવ્યો છે.